massDOT
Massachusetts Department of Transportation
Highway Division

# વર્ચ્યુઅલ ડિઝાઇન જાહેર સુનાવણી

**એપ્રિલ 14, 2026**

**સૂચિત માટે:**

**ડિસ્ટ્રિક્ટસ 2, 3, 4 અને 5 માં વિવિધ સ્થળોએ રાજ્ય હસ્તકના સિગ્નલવાળા ચાર રસ્તાઓ (ઇન્ટરસેક્શન) પર ક્રોસવૉક ઇન્સ્ટોલેશન**
**પ્રોજેક્ટ નં. 614241, 614242, અને 614243**

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ**

**ચિકોપી, નોર્થ એટ્લેબરો, સેલમ, વોબર્ન અને વોર્સેસ્ટર અને બિલેરિકા અને ફાલમાઉથ, મેસેચ્યુસેટ્સ જેવા શહેરોમાં**

**કોમનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સ**
**મેસેચ્યુસેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાન્સપોર્ટેશન**
**હાઇવે વિભાગ**

**જોનાથન ગુલિવર**
**હાઇવેના પ્રશાસક**

**કેરી ઇ. લાવાલી, પી.ઈ.**
**મુખ્ય ઇજનેર**

મેસાચ્યુસેટ્સ કોમનવેલ્થ
મેસેચ્યુસેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશન – હાઈવે ડિવિઝન

## <u>**વર્ચ્યુઅલ ડિઝાઇન જાહેર સુનાવણીની સૂચના**</u>

**<u>પ્રોજેક્ટનું વર્ણન</u>: MassDOT ના જિલ્લા 2, 3, 4, અને 5 – VRU અનેક સ્થળોએ રાજ્યન સિગ્નલોમાં ક્રોસવૉકસ ન હોવા**
**<u>પ્રોજેક્ટ ફાઇલ ક્રમાંક. 614241-614242-614243</u>**

નીચે આપેલ MassDOT વેબસાઇટ પર પ્રસ્તાવિત પ્રોજેક્ટના ડિઝાઇનને રજૂ કરવા માટે નીચેના સાત (7) સ્થાનોએ વર્ચ્યુઅલ ડિઝાઇન પબ્લિક હિયરિંગ યોજવામાં આવશે:

ચિકોપી – મેડો સ્ટ્રીટ પર રૂટ 116
વોર્સેસ્ટર – પ્લાન્ટેશન સ્ટ્રીટ આઈ-290 ઈસ્ટબાઉન્ડ ઓફ રામ્પ અને વુસ્ટર હાઉસિંગ ઓથોરિટી ડ્રાઇવવે ખાતે
બિલેરિકા – વાયમન રોડ અને વેબ બ્રુક રોડ પર રૂટ 3A
સેલમ – સ્વેમ્પસકૉટ રોડ અને ડિપિયેટ્રો અવેન્યૂ પર રૂટ 107
વોબર્ન – રિવેર રોડ પર રૂટ 3
નોર્થ એટલબરો – એમરલ્ડ સ્ક્વેર મોલ નોર્થ ડ્રાઇવવે પર રૂટ્સ 1 અને 1A
ફાલ્મથ – રૂટ 151 અને કાઉન્ટી રોડ પર રૂટ 28A

**ક્યારે: મંગળવાર, 14 એપ્રિલ, 2026 સાંજે 6:00 વાગ્યે**

હેતુ: આ સુનાવણીનો હેતુ જાહેર જનતાને પ્રસ્તાવિત પ્રોજેક્ટથી સંપૂર્ણપણે પરિચિત થવાની તક આપવાનો છે. સુનાવણીના જવાબમાં રજૂ કરાયેલા બધા મંતવ્યો અને ટિપ્પણીઓની સમીક્ષા કરવામાં આવશે અને શક્ય તેટલી મહત્તમ હદ સુધી તેના પર વિચાર કરવામાં આવશે.

પ્રસ્તાવ : પ્રસ્તાવિત પ્રોજેક્ટમાં ઉપર સૂચિબદ્ધ ડિસ્ટ્રિક્ટ 2, 3, 4 અને 5 માં બસ સ્ટોપ્સની નજીક MassDOT દ્વારા સંચાલિત ટ્રાફિક સિગ્નલ્સ પર અથવા તેની નજીક નાજુક રોડ ઉપયોગકર્તાઓ માટે 7 સ્થાનોએ સુધારાઓનો સમાવેશ થાય છે. સુધારાઓમાં નીચેનામાંથી કેટલાક અથવા તમામનો સમાવેશ થઇ શકે છે: ટ્રાફિક સિગ્નલ ટાઈમિંગ, ફેઝિંગ, કોઓર્ડિનેશન અને ડિટેક્શનમાં ફેરફાર; કર્બ રામ્પ્સ અને ક્રોસવોક્સનું ઉમેરણ અથવા પુનર્નિર્માણ; કાઉન્ટડાઉન પેડેસ્ટ્રિયન સિગ્નલ હેડ સાથે સુલભ પેડેસ્ટ્રીઅન સિગ્નલ પુશ બટન પૂરા પાડવા; સિગ્નલાઇઝ્ડ ઇન્ટરસેક્શનને બસ સ્ટોપ સાથે જોડતા ફૂટપાથનું પુનર્નિર્માણ; લાલ લાઈટ થવા પર જમણે ટર્ન લેવાનું પ્રતિબંધિત કરવું અને નાના ભૌમિતિક ફેરફારો.

આ પ્રોજેક્ટ માટે સુરક્ષિત માર્ગ અધિકાર જરૂરી છે. સંપાદન ફી અને કાયમી અથવા કામચલાઉ સુખાધિકાર જરૂરી હોઈ શકે છે. મેસેચ્યુસેટ્સની કોમનવેલ્થ ખાનગી અથવા જાહેર જમીનમાં જરૂરી તમામ અધિકારો પ્રાપ્ત કરવા માટે જવાબદાર છે. જમીન સંપાદન સંબંધિત MassDOT ની નીતિ આ સુનાવણીમાં રજૂ થશે.

પ્રસ્તાવિત કાર્ય અંગે પ્રોજેક્ટ સંબંધિત પ્રશ્નો, લેખિત નિવેદનો અને અન્ય રજૂઆતો કેરી ઇ. લાવલી, પી.ઇ., ચીફ એન્જિનિયરને MassDOTProjectManagement@dot.state.ma.us પર ઈ-મેલ દ્વારા અથવા યુએસ મેઇલ દ્વારા આ સરનામાં પર મોકલી કરી શકાય છે: Suite 7550, 10 Park Plaza, Boston, MA 02116, Attention: Project Management, Project File No. 614241-614242-614243. સુનાવણીની ટ્રાન્સક્રિપ્ટમાં સમાવેશ કરવા માટેના નિવેદનો અને અંક સુનાવણી યોજાઈ ગયાના દસ (10) કાર્યકારી દિવસો (14 કેલેન્ડર દિવસો) પછી ઇમેઇલ અથવા પોસ્ટમાર્ક કરવા આવશ્યક છે.

આ સુનાવણીમાં વિકલાંગ લોકો ભાગ લઇ શકે છે. MassDOT વિનંતી પર વાજબી સવલતો અને/અથવા ભાષા સંબંધિત સહાય, જો ઉપલબ્ધ હોય તો, (દા.ત. અમેરિકન સાઇન લેંગ્વેજ અને અંગ્રેજી સિવાયની ભાષાઓમાં દુભાષિયા, લાઇવ કેપ્શનિંગ, વિડિઓઝ, સહાયક શ્રવણ ઉપકરણો અને વૈકલ્પિક મટેરીઅલ ફોર્મેટ) વિનામૂલ્યે પુરી પાડે છે. સવલતો અથવા ભાષા સંબંધિત સહાય માટે, કૃપા કરીને MassDOT ના ચીફ ડાઇવર્સિટી અને સિવિલ રાઇટ્સ ઓફિસરનો ફોન (857-368-8580), TTD/TTY (857) 266-0603, ફેક્સ (857) 368-0602 અથવા ઇમેઇલ દ્વારા સંપર્ક કરો (MassDOT.CivilRights@dot.state.ma.us). વિનંતીઓ સુનાવણી પહેલાં અને શક્ય તેટલી વહેલી તકે કરવી જોઈએ, અને સાંકેતિક ભાષા, CART અથવા ભાષાના અનુવાદ અથવા દુભાષિયા સહિતની વ્યવસ્થા કરવામાં મુશ્કેલ હોય તેવી માટે, વિનંતીઓ સુનાવણીના ઓછામાં ઓછા દસ કાર્યકારી દિવસો પહેલાં કરવી જોઈએ.

આ સુનાવણી ઇન્ટરનેટ પર આયોજિત કરવામાં આવશે, અથવા રદ કરવાની જાહેરાત પોસ્ટ કરવામાં આવશે https://www.mass.gov/orgs/highway-division/events.

જોનાથન ગુલિવર
હાઇવે એડમિનિસ્ટ્રેટર કરી

એ. લાવાલી,પી.ઇ.
ચીફ એન્જિનિયર

પ્રિય જાગૃત નાગરિક:

મેસેચ્યુસેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશન (MassDOT) પર્યાવરણની અખંડિતતા જાળવી રાખીને, આપણા રસ્તાઓ, પુલો, સાયકલ સુવિધાઓ અને રાહદારી રસ્તાઓનો ઉપયોગ કરતા બધા લોકો માટે પરિવહનના સલામત અને કાર્યક્ષમ માળખાના નિર્માણ અને જાળવણી માટે પ્રતિબદ્ધ છે.

આ પ્રોજેક્ટની ડિઝાઇન પ્રક્રિયાના ભાગ રૂપે, અમે સૂચિત સુધારાઓ સમજાવવા, તમારી ટિપ્પણીઓ સાંભળવા અને તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે આ જાહેર સુનાવણીનું આયોજન કરી રહ્યા છીએ. સુનાવણીના અંતે, MassDOT તમારા તમામ પ્રતિભાવોની સમીક્ષાનું આયોજન કરશે અને જ્યાં શક્ય હોય ત્યાં તેને પ્રોજેક્ટના ડિઝાઇનમાં શામેલ કરશે.

અમે જાણીએ છીએ કે રસ્તા અને પુલના બાંધકામથી જનતા માટે અસુવિધાઓ ઊભી થઇ શકે છે. MassDOT બાંધકામના તાત્કાલિક વિક્ષિપ્ત પ્રભાવને ઓછો કરવા માટે ઘણો ભાર મૂકે છે.

MassDOT સ્થાનિક સમુદાયને અભિપ્રાય આપવાને પ્રોત્સાહન આપે છે અને તમારા મંતવ્યોને મહત્વ આપે છે. કૃપા કરીને આશ્વસ્ત રહો કે અમે સમુદાયની ચિંતાઓને દૂર કર્યા વિના કોઈ પ્રોજેક્ટ ચાલુ નહીં કરીએ.

આપના વિશ્વાસુ,

કેરી ઇ. લાવાલી, પી.ઈ.
મુખ્ય ઇજનેર



બલિરિકા
સાલેમ
વૉબર્ન
વૉર્સેસ્ટર
ચકિોપી
નૉર્થ એટલબરો
ફૉલમાઉથ
MassDOT હાઈવે ડિસ્ટ્રિક્ટ 1
MassDOT હાઈવે ડિસ્ટ્રિક્ટ 2
MassDOT હાઈવે ડિસ્ટ્રિક્ટ 3
MassDOT હાઈવે ડિસ્ટ્રિક્ટ 4
MassDOT હાઈવે ડિસ્ટ્રિક્ટ 5
MassDOT હાઈવે ડિસ્ટ્રિક્ટ 6
પ્રોજેક્ટનું સ્થળ

# જાહેર સુનાવણી શું છે?

## જાહેર સુનાવણી શા માટે?

કોમનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સ રાજ્યના હાઇવે નિર્માણના પ્રસ્તાવો અંગે જનતાને માહિતી પૂરી પાડવા અને વિસ્તારના દરેક રસ ધરાવતા રહેવાસીઓને કોઈપણ સૂચિત પ્રોજેક્ટ પર પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળે તે માટે એક નિશ્ચિત પદ્ધતિ પ્રદાન કરવા માટે.
તે જ સમયે, સુનાવણીઓ કોમનવેલ્થને સ્થાનિક સ્રોતોમાંથી માહિતી મેળવવાની વધારાની તક આપે છે જે રાજ્યને વિકાસ માટે કઈ ડિઝાઇન આગળ વધારવી જોઇએ તે અંગે અંતિમ નિર્ણયો લેવામાં મૂલ્યવાન બનશે.

## હાઇવે યોજનાઓ પર મતદાન કેમ ન કરવું?

આ સુનાવણીનો હેતુ ઉપસ્થિત બહુમતી દ્વારા પ્રસ્તાવિત સુધારાની પ્રકૃતિ નક્કી કરવા માટે લોકપ્રિય લોકમત બનવાનો નથી.
તેઓ સ્ટેટ હાઇવે વિભાગના યોગ્ય રીતે નિયુક્ત અધિકારીઓને  આ નિર્ણયો લેવાની જરૂરિયાતથી મુક્ત કરતા નથી, જેમને સ્ટેટ હાઇવેની બાબતોમાં નિર્ણયો લેવાની સંપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.

## જાહેર સુનાવણીથી શું પ્રાપ્ત થાય છે?

તેનો હેતુ એક એવો મંચ પૂરો પાડવાનો અથવા તેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે, જ્યાં એવી વાસ્તવિક માહિતી આપી શકાય જે રાજ્ય દ્વારા જાહેર હિતમાં લેવામાં આવનારા અંતિમ નિર્ણય માટે સુસંગત હોય, અને જેના આધારે સૂચિત સુધારણા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવનાર હોય.

એ મહત્વનું છે કે વિસ્તારના લોકો રજૂ કરવામાં આવી રહેલા પ્રસ્તાવ અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કરે, જેથી બેઠકની કાર્યનોંધમાં તેમના મંતવ્યો યોગ્ય રીતે નોંધી શકાય.

આ કાર્યનોંધોધોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવામાં આવશે અને અંતિમ ડિઝાઇન નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે.

## કાર્યનો અવકાશ

### અમે અહીં કેવી રીતે પહોંચ્યા અને આ પ્રોજેક્ટ શા માટે શરૂ કરવામાં આવ્યો?

MassDOT એ આ પ્રોજેક્ટ 2024 માં શરૂ કર્યો હતો અને સલાહકારે પ્રોજેક્ટને 25%/75% ડિઝાઇન સુધી આગળ વધાર્યો હતો. આ પ્રોજેક્ટ MassDOT જિલ્લા 2, 3, 4 અને 5 માં સાત (7) સિગ્નલાઇઝ્ડ ઇન્ટરસેક્શન સ્થાનો પર ખૂટતા મહત્વપૂર્ણ ક્રોસવૉક્સ ઉમેરશે અને અન્ય રાહદારી સલામતી પગલાં અમલમાં મૂકશે.

### અમે શું પ્રાપ્ત કરવા માંગીએ છીએ?

પ્રોજેક્ટના લ   ો અને અવકાશોમાં કઈ બાબતો શામેલ છે:

- સુરક્ષામાં સુધારો
- સુવિધા સુધારવી
- પદયા  ીઓના જોડાણમાં સુધારો
- ક્રોસવૉકની વધુ સારી દૃશ્યતા
- ફૂટપાથ પરના અવરોધો દૂર કરવા
- અમેરિકન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ (ADA) અને યુ.એસ. એક્સેસ બોર્ડ પબ્લિક રાઇટ-ઓફ-વે એક્સેસિબિલિટી ગાઇડલાઇન્સ (PROWAG) નું પાલન

### મારી મિલકત પર શું અસર પડશે?

બધા સુધારણા રાજ્ય અથવા નગરપાલિકાના અધિકાર-ક્ષે  માં કરવામાં આવશે. આ સુધારાઓના અમલીકરણ માટે જમીન સંપાદન, કાયમી સુખાધિકાર, અથવા બાંધકામ માટેના કામચલાઉ સુખાધિકારોની જરૂર પડશે નહીં.

### સાયકલ ચલાવનારાઓ અને રાહદારીઓ પર કેવી અસર પડશે?

બાંધકામ દરમિયાન, આ વિસ્તારમાં પદયા  ીઓ (ચાલતા જતાં લોકો) અને સાયકલ સવારો માટેની અવરજવર ચાલુ રાખવામાં આવશે. પ્રોજેક્ટ મર્યાદામાં હાલમાં અસ્તિત્વમાં રહેલી અલગ સાયકલ સુવિધાઓ બાંધકામ દરમિયાન ટૂંકા ગાળા માટે બંધ થઈ શકે છે.
પદયા  ીઓ માટે ફૂટપાથનું પુનઃનિર્માણ, કર્બ રેમ્પ્સ (ઢાળ), ક્રોસવૉક, બસ સ્ટોપ અને પદયા  ીઓ માટેના ખાસ સિગ્નલ જેવી સુવિધાઓમાં કાયમી ધોરણે સુધારો કરવામાં આવશે.

### પર્યાવરણીય, સાંસ્કૃતિક અથવા સામુદાયિક અસરો શું છે?

ચિકોપી અને નોર્થ એટલબરો જેવા વિસ્તારો વેટલેન્ડ્સ (ભીની જમીન) ની નજીક હોવાને કારણે, 'વેટલેન્ડ પ્રોટેક્શન એક્ટ' હેઠળ 'રિક્વેસ્ટ ફોર ડિટર્મિનેશન ઓફ એપ્લિકેબિલિટી' (RDA) ની જરૂર પડી શકે છે.

ઉત્તરીય લાંબા કાનવાળા ચામાચીડિયા (Northern Long-Eared Bat) અને િ રંગી ચામાચીડિયા (Tricolor Bat) પર બાંધકામની અસરોને 'એન્ડેન્જર્ડ સ્પીસીઝ એક્ટ' (ભયમાં મુકાયેલી પ્રજાતિઓનો કાયદો) ની કલમ 7 મુજબ ન્યૂનતમ રાખવામાં આવશે.
વરસાદી પાણીના પ્રી-ટ્રીટમેન્ટ (પૂર્વ શુદ્ધિકરણ) માટે તમામ સૂચિત કેચ બેઝિન્સ (પાણી એકઠું કરવાની કુંડીઓ) 'ડીપ સમ્પ' (ઊંડા ખાડાવાળી) બનાવવામાં આવશે.
બાંધકામ દરમિયાન સમુદાયની અસરો કામચલાઉ રહેશે અને પછી કાયમી ધોરણે સુધારેલ રહેશે.
પરિયોજના ભાગરૂપે સંસ્કૃતિક સાધનો પર અસર થવાની અપેક્ષા નથી.

## બાંધકામનો અભિગમ શું છે?

બાંધકામ 2027ની વસંતમાં શરૂ થવાનું અનુમાન છે અને તે અંદાજે એક (1) વર્ષ સુધી ચાલુ રહેવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે રસ્તાઓ લાંબા સમય સુધી બંધ રહેશે નહીં અથવા ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવશે નહીં. ટ્રાફિકના મુખ્ય સમય દરમિયાન કોઈ પણ લેન બંધ કરવામાં આવશે નહીં.

## મને કેવી રીતે માહિતગાર રાખવામાં આવશે?

તમે MassDOT પર ટિપ્પણીઓ અથવા પ્રશ્નો સબમિટ કરી શકો છો:
MassDOTProjectManagement@dot.state.ma.us. કૃપા કરીને સબ્જેક્ટ લાઇનમાં પ્રોજેક્ટ 614241-614242-614243 લખો. તમે નીચેના પૃષ્ઠ પરની શીટનો ઉપયોગ કરીને ટપાલ દ્વારા પણ ટિપ્પણીઓ અથવા પ્રશ્નો સબમિટ કરી શકો છો. જેમ-જેમ પ્રોજેક્ટ બાંધકામ શરૂ થવાની નજીક આવશે, તેમ-તેમ પ્રોજેક્ટની નજીક રહેતા લોકોનો પણ સંપર્ક કરવામાં આવી શકે છે, જેથી તેમને આગામી કોઈ પણ કામગીરી વિશે અગાઉથી જાણ કરી શકાય.

મનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સ
મેસેચ્યુસેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાન્સપોર્ટેશન
હાઇવે વિભાગ

ફેડરલ એઇડ પ્રોજેક્ટ

બિલેરિકા, ચિકોપી, ફોલમાઉથ, નોર્થ એટલબરો, સેલેમ, વોબર્ન, અને વોર્સેસ્ટર, MA
ડિસ્ટ્રિક્ટ્સ 2, 3, 4, અને 5 – વિવિધ સ્થળોએ રાજ્યની માલિકીના ટ્રાફિક સિગ્નલો પર VRU ક્રોસવોક સ્થાપિત કરવાની યોજના
પ્રોજેક્ટ ફાઇલ નં. 614241, 614242, & 614243

આ શીટ તમારી ટિપ્પણીઓ માટે પ્રદાન કરવામાં આવી છે. તમારા મંતવ્યો માંગવામાં આવે છે અને તેની પ્રશંસા કરવામાં આવે છે. તમે ટિપ્પણીઓ સીધી MassDOTProjectManagement@dot.state.ma.us પર ઇમેઇલ કરી શકો છો અથવા કોઈપણ વધારાની ટિપ્પણીઓ સાથે આ તમને આ શીટ નીચેના ઇમેઇલ એડ્રેસ પર મેઇલ કરી શકો છો:

Carrie E. Lavallee, P.E., Chief Engineer
MassDOT – Highway Division
10 Park Plaza, Boston, MA 02116-3973
Attn: Project Management

જાહેર સુનાવણીના ટ્રાન્સક્રિપ્ટ (લેખિત રેકોર્ડ) માં સમાવેશ કરવા માટેના નિવેદનો અને પુરાવાઓ, સુનાવણીના દસ (10) કામકાજના દિવસો પછી મોડામાં મોડા ઇમેઇલ અથવા પોસ્ટમાર્ક કરેલા હોવા જોઈએ.

**<u>કૃપા કરીને સ્પષ્ટ રીતે ટાઇપ અથવા પ્રિન્ટ કરો.</u>**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

નામ: ____________________ શીર્ષક: ____________________

સંસ્થા: ____________________________________

સરનામું: ____________________________________

________________________________________

Please Fold and Tape

Please Place
Appropriate
Postage Here

Carrie E. Lavallee, P.E.
Chief Engineer
MassDOT – Highway Division
10 Park Plaza
Boston, MA 02116-3973

RE: Virtual Public Hearing
DISTRICTS 2, 3, 4, & 5 – VRU CROSSWALK INSTALLATIONS AT STATE-OWNED TRAFFIC SIGNALS AT MULTPLE LOCATIONS
**BILLERICA, CHICOPEE, FALMOUTH, NORTH ATTLEBOROUGH, SALEM, WOBURN, & WORCESTER**
Project File No. 614241, 614242, & 614243
Attn: Project Management